# કામની જગ્યાએ કેટલાં ટોઈલેટો હોવાં જોઈએ? (How many toilets should a workplace have?)

આ માટેનો સંબંધિત કાયદો, વર્કપ્લેસ (હેલ્થ, સેફ્ટી એન્ડ વેલફેર) રેગ્યુલેશન્સ 1992 છે. રેગ્યુલેશન 20, સેનિટરી કન્વીનિયન્સીસ કહે છે કે:

1. ટોઈલેટ-બાથરૂમને લગતી - સેનિટરીની યોગ્ય અને પૂરતી સુવિધાઓ, સહેલાઈથી પહોંચી શકાય તેવી જગ્યાઓએ પૂરી પાડવામાં આવવી જોઈએ.
2. ફકરા (1)ની સામાન્યતા પ્રતિ કોઈ પૂર્વગ્રહ વગર, સેનિટરી સુવિધાઓ યોગ્ય નહિ ગણાય, સિવાય કે -
(a) તે જે રૂમોમાં મૂકવામાં આવી હોય ત્યાં પૂરતા પ્રમાણમાં હવાની અવરજવર અને પૂરતો પ્રકાશ હોય;
(b) તે સુવિધાઓ અને તે જે રૂમોમાં મૂકવામાં આવી હોય તે રૂમો સ્વચ્છ અને સુઘડ રીતે રાખવામાં આવ્યાં હોય; અને
(c) પુરૂષો અને સ્ત્રીઓ માટે આવી સુવિધાઓ જુદા જુદા રૂમોમાં પૂરી પાડવામાં આવેલી હોય, સિવાય કે જ્યાં દરેક સુવિધા અલગ અલગ રૂમમાં હોય અને તે દરેક રૂમનાં બારણાં અંદરથી સુરક્ષિત રીતે બંધ કરી શકાય તેમ હોય.

અપ્રુવ્ડ કોડ ઓફ પ્રેક્ટિસ (માન્ય આચાર સંહિતા) આગળ વધીને સુવિધાઓની ઓછામાં ઓછી સંખ્યા જણાવે છે:
(કોલમ 1 માં બતાવેલી કામ પર લોકોની સંખ્યા, કોઈ પણ એક સમયે કોઈ કામના સ્થળે વધુમાં વધુ લોકોની સંખ્યા જણાવે છે)

મિશ્ર વપરાશ (અથવા માત્ર સ્ત્રીઓ માટે) ટોઈલેટો અને વોશબેસિનોની સંખ્યા:

| કામ પર લોકોની સંખ્યા | ટોઈલેટોની સંખ્યા | વોશબેસિનોની સંખ્યા |
|---|---|---|
| 1-5 | 1 | 1 |
| 6-25 | 2 | 2 |
| 26-50 | 3 | 3 |
| 51-75 | 4 | 4 |
| 76-100 | 5 | 5 |

ફક્ત પુરૂષો દ્વારા વપરાતાં ટોઈલેટો:

| કામ પર પુરૂષોની સંખ્યા | ટોઈલેટોની સંખ્યા | મૂત્રાલયોની સંખ્યા |
|---|---|---|
| 1-15 | 1 | 1 |
| 16-30 | 2 | 1 |
| 31-45 | 2 | 2 |
| 46-60 | 3 | 2 |
| 61-75 | 3 | 3 |
| 76-90 | 4 | 3 |
| 91-100 | 4 | 4 |

## સંદર્ભો (રેફરન્સો)

L24, Workplace health, safety and welfare, approved code of practice and guidance, (ISBN 0717604136 - એચ.એસ.ઈ. બુક્સ પાસેથી મળી શકે છે).

- **Welfare at work – મફત પત્રિકા**